અપીલ અરજી નં.૪૮૧ તા.૨૦–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– (૧)ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ વિ.)
(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧)એલ.પી. સવાણી સ્કુલ ધ્વારા અગાસી પર બાંધકામ કરવામાં આવી રહેલ છે જે બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.૨ મુદ્દા નં.(૧) નાણાવટી મોટર્સ, હરીઓમ પાર્ટી પ્લોટની સામે, ભગતપાર્ટી પ્લોટની સામે,એલ.પી.સવાણી રોડ,બાંધકામ કરવામાં આવી રહેલ છે જે બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૮૧/૨૦૧૧–૧૨

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની તા. ૧૧–૧૧–૧૧ની અરજીથી પ્રશ્ન નં.૧ મુદ્દા નં.(૧)એલ.પી. સવાણી સ્કુલ ધ્વારા અગાસી પર બાંધકામ કરવામાં આવી રહેલ છે જે બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? વિ.મુદ્દા નં.(૧) થી (૧૪)ની માહિતી તથા પ્રશ્ન નં.૨ મુદ્દા નં.(૧) નાણાવટી મોટર્સ, હરીઓમ પાર્ટી પ્લોટની સામે, ભગતપાર્ટી પ્લોટની સામે,એલ.પી.સવાણી રોડ,બાંધકામ કરવામાં આવી રહેલ છે જે બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે ? વિ.મુદ્દા નં.(૧)થી (૧૩)ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ / ૮૨૨ તા. ૦૯–૧૨–૧૧ તથા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિ.)ના પત્ર નં. ટી.ડી.ઓ./ ૩૮૭ તા. ૧૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માંગેલ માહિતી અરજદારે જણાવેલ સ્થળ સ્થિતિ આધારે પ્લાન મંજુરી દફતરેથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે કે કેમ? તે સ્પષ્ટ કરવા તેમજ અરજદારને રજૂ કરવા જણાવેલ વિગતો ટીપી સ્કીમ નંબર કે ફાયનલ પ્લોટ નંબર તેઓ કયા સ્ત્રોતથી મેળવી રજૂ કરી શકે તે પણ જણાવવા તેમજ જો આ વિગતો વિના જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએથી પાણી અને ડ્રેનેજ કનેકશન અંગેની માહિતી આપી શકાતી હોય તો તે સંદર્ભમાં મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી કચેરીએથી પણ આપી શકાય કે કેમ? તે પણ જણાવવા. સાથે માહિતીની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૩૩૫ તા.૩૦–૧૨–૧૧ થી (૧)ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ ) (૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તથા અરજદારને બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન ના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/સેલ/૯૨૦ તા.૭–૧–૧૨ થી પત્ર નં.વેસ્ટઝોન / આરટીઆઈ/૮૦૭ તા.૩–૧૨–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ ૮૨૨ તા.૯–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ખાતા તરફથી પત્ર નં.ટી.ડી.ઓ/૫૭ તા.૧૧–૧–૧૨ ના પત્રથી સ્થળ પર મુકવામાં આવેલ બોર્ડના ફોટોગ્રાફસની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.ટીડીઓ/૩૮૭ તા.૧૩–૧૨–૧૧ થી આપેલ માહિતીની નકલ, પત્ર નં.વેસ્ટઝોન / આરટીઆઈ/૮૦૭ તા.૩–૧૨–૧૧ થી રાંદેર ઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. અરજદાર તરફથી તા.૭–૧–૧૨ નો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી રાંદેર ઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ/૮૦૭ તા.૩–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ નાં અનુ. નં.૮ સિવાયની તથા મુદ્દા નં.૨ ના અનુ.નં.૫ સિવાયની માહિતી મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનર, મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.(૧) અનુ. નં.૧ એલ.પી. સવાણી સ્કુલ ધ્વારા અગાસી પર બાંધકામ કરવામાં આવી રહેલ છે. જે બિલ્ડીંગ ને વિકાસ પરવાનગી આપવામાં આવી છે? અનુ.નં.૨ આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે? અનુ.નં.૩ બંગલા,ફલેટ કે

દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો? અનુ.નં.૫ ચાલુ બાંધકામ દરમિયાન રોડનું ખોદાણ કરીકઈ લાઈન લેવામાં આવી હતી? અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં.૭ બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે?

અનુ.નં.૮ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/ ૮૨૨ તા.૯–૧૨–૧૧થી ડ્રેનેજ અંગેની મંજુરી આપવામાં આવેલ નથી તેમજ પાણી કનેકશન આપવામાં આવેલ છે. તેવુ સમય અવધિમાં જણાવેલ.

અનુ.નં.૯ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૧૦ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અનેસરનામા આપવા? અનુ.નં.૧૧ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૨ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૩ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી?

અનુ.નં.૧૪ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/ ૮૨૨ તા.૯–૧૨–૧૧થી સદર બાંધકામ ચાર માળનું અને તેનો ઉપયોગ સ્કુલ તરીકે થતો હોવાનું જણાયેલ છે. તેવુ સમય અવધિમાં જણાવેલ.

મુદ્દા નં.(૨) અનુ.નં.૧ નાણાવટી મોટર્સ,હરીઓમ પાર્ટી પ્લોટની સામે, ભગતપાર્ટી પ્લોટની સામે, એલ.પી.સવાણી રોડ, બાંધકામ કરવામાં આવી રહેલ છે. જે બિલ્ડીંગને વિકાસ પરવાનગી આપવામાં આવી છે? અનુ.નં.૨. આ બાંધકામ ને કોમર્શીયલ અથવા તો રેસીડેન્સીયલ પરમીશન આપેલ છે? રેસીડેન્સીયલ કે કોમર્શીયલ બંને ભેગી હોય તો કોમર્શીયલ કેટલી દુકાન (કેટલા માળ) તથા કેટલા માળ રેસીડેન્સીયલ છે?અનુ.નં.૩ બંગલા,ફલેટ કે દુકાનની ટોટલ સંખ્યા કેટલી છે? કયા માળ પર કેટલી દુકાન, કેટલા ફલેટ, ટોટલ કેટલા માળ બાંધવાની પરમિશન આપવામાં આવેલી છે? અનુ.નં.૪ પ્લાન કયારે પાસ કર્યો છે? કઈ તારીખે? કયા અધિકારી ધ્વારા કરાયો?

અનુ.નં.૫ ગટર ના તથા પાણી ના કનેકશન આપવામાં આવેલ છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/ ૮૨૨ તા.૯–૧૨–૧૧થી ડ્રેનેજ અંગેની મંજુરી આપવામાં આવેલ નથી તેમજ પાણી કનેકશન આપવામાં આવેલ નથી. તેવુ સમય અવધિમાં જણાવેલ.

અનુ.નં. ૬ પ્રગતિ ફોર્મમાં કરેલી વિઝિટનો રેકર્ડ ફોર્મ ની રેકર્ડ કોપી આપવી? અનુ.નં. બી.યુ.સી. આપવામાં આવ્યું છે? બી.યુ.સી. ન લેવામાં આવે તો તેવા સંજોગો માં એ બાંધકામ ગર્વમેન્ટ ના કયા કયા લાભ ન મળે? અનુ.નં.૮ સ્લેબનો લેબ ટેસ્ટ કરાવવામાં આવ્યો છે? કઈ લેબોરેટરીમાં? અને રીપોર્ટ શું આવ્યો? અનુ.નં.૯ માલિકી અલગ અલગ વ્યકિતની છે કે એક જ વ્યકિતની છે? દરેક માલિકના નામ અનેસરનામા આપવા? અનુ.નં.૧૦ કામ અટકાવવામાં આવેલ છે? અનુ.નં.૧૧ સદર બાંધકામ કાયદેસર બંધાયેલ છે? એવો રિપોર્ટ કરનાર અધિકારીના નામ સરનામાં અને પોસ્ટ જણાવવું? અનુ.નં.૧૨ આગળ પાછળ માર્જીનની જગ્યા શા માટે છોડવામાં નથી આવી?

અનુ.નં.૧૩ હાલમાં તૈયાર થતું આ બાંધકામ અગાઉ કેટલા માળનું અને કયા હેતુવાળુ હતુ તેની માહિતી આપવી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/ ૮૨૨ તા.૯–૧૨–૧૧થી સદર સ્થળ વસવાટનાં હેતુસર ખુલ્લા પ્લોટ તરીકે આકારણી દફતરે દાખલ છે. તેવુ સમય અવધિમાં જણાવેલ.

જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસના પત્ર નં.ટી.ડી.ઓ./૩૮૭ તા.૧૩–૧૨–૧૧ થી પ્રશ્ન નં.(૧) ના મુદ્દા નં.૧ થી ૭ અને ૯ થી૧૪ અને પ્રશ્ન નં.(૨) ના મુદ્દા નં.૧ થી ૪ અને ૬ થી ૧૩ ની માહિતી બાબતે તમોએ એલ.પી. સવાણી સ્કુલ વાળી મિલ્કત તથા નાણાવટી મોટર્સ વાળી મિલ્કત અંગેની વિગતો માંગેલ છે. તે મિલ્કત નંબર, ટી.પી.સ્કીમ નંબર, ફા.પ્લોટ નં., રેવન્યુ સ.નં. વિગેરે દર્શાવેલ નથી. શહેર વિકાસ ખાતેથી મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી નહોય, તમો જે જગ્યાની વિગતો માંગવા માંગો છો તેનો ટી.પી.સ્કીમ નંબર, મોજે ફા.પ્લોટ નં., રે.સ.નં. વિગેરેની પૂર્તતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવુ સમય અવધિબાદ જણાવેલ.

વધુમાં પુરક વિગતના પત્ર નં.ટીડીઓ/૫૭ તા.૧૧–૧–૧૨ માં અરજદારે જણાવેલ સ્થળ સ્થિતીના આધારે શહેર વિકાસ ખાતેથી વિકાસ પરવાનગી આપવામાં આવતી નથી. પરંતુ જો જમીનના નંબર સહિતની વિગતોને આધારે પ્લાનની મંજુરી આપવામાં આવે છે. મિલ્કતના નામો અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ કરવામાં આવતા નથી. જેથી અરજદારને ઉપર મુજબ જમીનની વિગતો બાબતે સ્પષ્ટતા કરવા જણાવેલ છે. તથા સ્થળ પર ચાલતાં બાંધકામો અંગેની મંજુરી તથા જમીનની વિગતો વિગેરે સ્થળ ઉપર રોડ સાઈડે જાહેર જનતાને જાણ માં આવે એવી રીતે બોર્ડ મુકી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંગેના બોર્ડ પરથી સદરહુ બાંધકામની વિગતો મેળવી શકાય તેમ છે. આ સાથે સ્થળ પર મુકવામાં આવતા બોર્ડના ફોટોગ્રાફસ સામેલ કરેલ છે. તેવુ જણાવી નીચે મુજબની રજા ચિઠ્ઠી તથા ફા.પ્લોટ, ટી.પી. ના બાંધકામ અંગેના પ્રસિધ્ધ થયેલ બોર્ડની વિગતો આપેલ છે.

૧. (૧) મંજુર પ્લાનની વિગત. ટી.ડી.ઓ./ડી.ટી./૧૦૧ તા.૧૨–૭–૨૦૧૦ , એફ.પી. નં.૧૦ ટી.પી.નં.૧૪ (પાલ),
(૨) ટી.પી. એસ.નં.૧૦, બ્લોક નં.૧૮૩ એફ.પી. નં.૬૪

૨. (૧) ટીડી.ઓ/ડી.પી. નં.૨૩૮ તા.૩૦–૧૧–૨૦૧૦ ટી.પી. સ્કીમ નં.૧૪ (પાલ) (૨) ટી.પી. સ્કીમ નં.૧૪ બ્લોક નં.૩૪૩ ફા.પ્લોટ નં.૧૩૪

જે અંગે અરજદારે ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ / ૮૨૨ તા. ૦૯–૧૨–૧૧ તથા ડે.કમિ.(પી.એન્ડ.ડી) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.)ના પત્ર નં. ટી.ડી.ઓ./ ૩૮૭ તા. ૧૩–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારને અપીલ તબકકે બાંધકામ સ્થળે પ્રદર્શિત ડીસ્પ્લે બોર્ડ, મનપાની વેબસાઈટ કે મહાનગરપાલિકાના સીવીક સેન્ટર કે ઝોન કચેરી ખાતેથી ઉપલબ્ધ ટી.પી. પ્રોગ્રામ હેઠળ સ્થળ, સ્થિતિ સ્પષ્ટ કરી જાહેર માહિતી અધિકારીને જણાવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૭–૧–૧૨ ના પત્રથી (૧) બાંધકામ સ્થળે ડીસ્પ્લે બોર્ડ જ મુકવામાં આવ્યા નથી. (૨) મહાનગરપાલિકાના કોઈપણ અધિકારી કે કોઈ પણ વ્યકિત ધ્વારા માહિતી અધિકાર ને સમજાવાના પ્રયત્ન કરવામાં આવ્યા નથી. કે નથી અમને લેટર લખી સ્પષ્ટતા કરવા માટે બોલાવવામાં આવેલ નથી. તથા અધિકારીઓને સ્થળ ન મળતુ હોય તો અમે જાતે તમારી સાથે આવીને સ્થળ બતાવવા તૈયાર છે. અપીલ અરજીમાં મુદ્દા નં.(૧) (૮,૧૪) અને મુદ્દા નં.(૨) (૫,૧૩) અંગેના જવાબો મળ્યા છે. જયારે અન્ય જવાબ માંગ્યા મુજબ મળેલ નથી. તેવુ જણાવેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી એલ.પી. સવાણી સ્કુલ વાળી મિલ્કત તથા નાણાવટી મોટર્સ વાળી મિલ્કત અંગેની વિગતો માંગેલ છે. જે મિલ્કત નંબર, ટી.પી.સ્કીમ નંબર, ફા.પ્લોટ નં., રેવન્યુ સ.નં. વિગેરે દર્શાવેલ નથી. શહેર વિકાસ ખાતેથી મિલ્કતના નામે કોઈ કાર્યવાહી થતી ન હોય, તમો જે જગ્યાની વિગતો માંગવા માંગો છો તેનો ટી.પી.સ્કીમ નંબર, મોજે ફા.પ્લોટ નં., રે.સ.નં. વિગેરેની પૂર્તતા થયેથી તેની માહિતી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવા પ્રસ્તાવ મુજબ અરજદારે તેવી કોઈ વિગત રજુ કરી માહિતી મેળવ્યા અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી. પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન ધ્વારા મુદ્દા નં.૧ ના ક્રમ નં.૮ અને ૧૪ તથા મુદ્દા નં.૨ ના ક્રમ નં.૫ અને ૧૩ ની માહિતી આપેલ છે. તે જોતાં વેસ્ટઝોન ખાતે મિલ્કતની ઓળખ થયાનું સ્પષ્ટ થાય છે. વેસ્ટઝોન કક્ષાએથી તબદીલી પત્ર સાથે આવી વિગતો શહેર વિકાસ ને મોકલી શકાઈ હોત પરંતુ તેમ થયેલ નથી. વધુમાં આ મિલ્કતોની આકારણી દફતરે પણ નોંધ નંબર હોય તે પરથી મિલ્કતની/ પ્લોટની ઓળખ શકય હોય તો શહેર વિકાસ વિભાગને આપી માહિતી આપવા પ્રયત્ન કરી શકાય પરંતુ તેવો કોઈ પ્રયત્ન થયેલ જણાતો નથી.

અરજદાર ધ્વારા પણ સીટી સર્વે કચેરી યોજના કે આકારણી દફતર અથવા ટી.પી. દફતર ના માધ્યમતી માહિતી મેળવી જાહેર માહિતી અધિકારીને આપવા પ્રયત્ન થયેલ જણાતો નથી. તથા અરજદારની સ્થળ પર જઈ મિલ્કતો ઓળખી બતાવવાની રજુઆત આરટીઆઈ કાયદાની કલમ– ૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી પુરી પાડવામાં આવેલ છે. જેમાં મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થયેલ હોય તો જ એવી માહિતી આપેલ હોય તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએ આ બંને મિલ્કત સંબંધી મિલ્કતની ઓળખની જે વિગતો ઉપલબ્ધ છે તે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને દિન–૭માં અત્રેની જાણ હેઠળ મોકલી આપવા જણાવવામાં આવે છે અને તેવી વિગતોને આધારે અરજદારે માંગેલ માહિતી દફતરી રેકર્ડ અનુસાર આપી શકાય તેમ હોય તો દિન–૧૫ ની અવધિમાં આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરવાની રીત અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અન્યથા તેવી વિગતોને આધારે માહિતી આપી શકાતી ન હોય તો જાહેર માહિતી અધિકારીનો તા.૧૩–૧૨–૧૧ ના પત્રથી અરજદારને સૂચિત કરવામાં આવેલ બાબત યથાવત રહેવા પામે છે તે મતલબની વિગતોથી અરજદારને અત્રેની જાણ હેઠળ પુનઃ અવગત કરવા ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ વિ.) ને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) (૧)ડે.કમિશ્નર (પી.એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી(ટી.પી.)/(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા